GJJN220000062025

| | |
|---|---|
| કેસ રજુ કર્યા તારીખ | ૦૪/૦૧/૨૦૨૫ |
| કેસ નોંધ્યા તારીખ | ૦૪/૦૧/૨૦૨૫ |
| કેસ નિકાલ તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ |
| સમય અવધિ | વર્ષ માસ દિવસ |
| | ૦૧ ૦૨ ૧૯ |

**નમુના–અ**

| **વંથલીના મહે. ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રી ની કોર્ટમાં, મુકામઃ વંથલી.** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ |
| કેસ નંબર | **પોકસો કેસ નં. ૧/૨૦૨૫.** |
| **જજમેન્ટ આંક** | |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)એમ. તથા પોકસો એકટની કલમ–૬, ૮, ૧૨ મુજબ. |
| પ્રથમ માહીતી એહવાલ સંખ્યા | ૧૧૨૦૩૦૬૮૨૪૦૬૨૬/૨૦૨૪. |
| પોલીસ સ્ટેશન | વંથલી પોલીસ સ્ટેશન. |
| ફરિયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એડી.પી.પી.શ્રી એન.કે.પુરોહીત |
| આરોપીપક્ષ | મયુરભાઇ ઉર્ફે મયલો સ/ઓ. જીવાભાઇ ભુરાભાઇ બારીયા, જાતે–સુવાળીયા કોળી, ઉ.વ. ૨૨, ધંધો–મજુરીકામ, રહે. મુળ ગામ–બાંટવા, ચુનારાવાસ,તા.માણાવદર. હાલ–રહે. રાજકોટ, નવાગામ, લાખાભાઇ કોળીના ઇંટોના ભઠ્ઠાએ આવેલ ઓરડીમાં. |
| રજુઆત | વિ.વકીલશ્રી વી.યુ. વદર |

**નમુના–બ**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૩/૧૧/૨૦૨૪ |
| પ્રથમ માહીતી અહેવાલની | ૧૩/૧૧/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૦૨/૦૧/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૦૮/૦૯/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૭/૦૯/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | |

**નમુના–ક**

**ફરીયાદી / બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| સાહેદ નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી–ભીખુભાઇ પોલાભાઇ ઉકડીયાની જુબાની. | ૧૭ |
| ૨. | ભોગ–બનનારની જુબાની. | ૧૯ |
| ૩. | સાહેદ–ડો.નીલમ શામજીભાઇ પોલરાની જુબાની. | ૨૨ |
| ૪. | સાહેદ–ડો.ચીરાગ ભીખનભાઇ જાદવની જુબાની. | ૩૩ |
| ૫. | સાહેદ–ડો.કીશન છગનભાઇ કાનાણીની જુબાની. | ૪૦ |
| ૬. | સાહેદ–ડો.નિરવ હીતેષભાઇ નાંઢાની જુબાની. | ૪૫ |
| ૭. | પોલીસ સાહેદ–રસીલાબેન લખમણભાઇ મજીઠીયાની જુબાની. | ૫૩ |
| ૮. | પોલીસ સાહેદ–વીરલબેન જસાભાઇ વદરની જુબાની. | ૯૪ |
| ૯. | પોલીસ સાહેદ–દિલીપકુમાર રતનશી પારધીની જુબાની. | ૯૬ |
| ૧૦. | પોલીસ સાહેદ–યશપાલસિંહ ભરતસિંહ રાણાની જુબાની. | ૧૦૧ |
| ૧૧. | પોલીસ સાહેદ–ચંદ્રપ્રકાશ ઉદારામભાઇ | ૧૦૫ |

| | | |
|---|---|---|
| | પરેવાની જુબાની. | |

| ક્રમ નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | પોલીસ ફરીયાદ. | ૧૮ |
| ૨. | ભોગ–બનનારનું બીએનએસએસની કલમ–૧૮૩ હેઠળનું નીવેદન. | ૨૦ |
| ૩. | ભોગ–બનનારની મેડીકલ તપાસણી કરી નમુના લેવા મેડીકલ ઓફીસરને લખેલ યાદી. | ૨૩ |
| ૪. | ભોગ–બનનારનું મેડીકલ સર્ટીફીકેટ. | ૨૪ |
| ૫. | ભોગ–બનનારના લીધેલ નમુના એફ.એસ.એલ. જુનાગઢને મોકલ્યાનો પત્ર. | ૨૫ |
| ૬. | કલમ–૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ. | ૨૬ |
| ૭. | ભોગ–બનનારના ઓપીડી કેસ પેપર્સ. | ૨૭ |
| ૮. | ભોગ–બનનારનો હીમેટોલોજી રીપોર્ટ. | ૨૮ |
| ૯. | ભોગ–બનનારનો લેબોરેટરી ટેકનીશીયને આપેલ રીપોર્ટ. | ૨૯ |
| ૧૦. | ભોગ–બનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર નકલ. | ૩૦ |
| ૧૧. | આરોપીના લીધેલ નમુના એફ.એસ.એલ. જુનાગઢને મોકલયાનો ફોરવર્ડીંગ પત્ર. | ૩૪ |
| ૧૨. | આરોપીનો મેડીકલ તપાસણી રીપોર્ટ. | ૩૫ |
| ૧૩. | ઓન ડયુટી મેડી.ઓફી.શ્રી પી.એચ.સી. કણજા, તા.વંથલીને લખેલ યાદી. | ૩૬ |
| ૧૪. | આરોપીના એમ.એલ.સી. કેસ પેપર્સ. | ૩૭ |
| ૧૫. | ભોગ–બનનારની મેડીકલ તપાસણી માટે ગાયનેકોલોજી સીવીલ હોસ્પીટલ જુનાગઢને લખેલ યાદી. | ૪૨ |
| ૧૬. | ભોગ–બનનારનો યુપીટી ટેસ્ટ રીપોર્ટ. | ૪૨ |
| ૧૭. | ભોગ–બનનારની શારીરીક તપાસણી અંગેની લેખીત સંમતિ. | ૪૩ |
| ૧૮. | ભોગ–બનનારના શરીર ઉપર જણાયેલ ચીન્હની નોંધ કર્યાનો દસ્તાવેજ. | ૪૪ |
| ૧૯. | બનાવવાળી જગ્યાનું પંચનામુ. | ૪૬ |
| ૨૦. | ભોગ–બનનારના કપડા કર્યાનું પંચનામુ. | ૪૭ |

| | | |
|---|---|---|
| ૨૧. | આરોપીના કપડા કબ્જે કર્યાનું તથા અટક પંચનામુ. | ૪૮ |
| ૨૨. | ભોગ–બનનારના મેડીકલ સેમ્પલ કબ્જે લીધાનું પંચનામુ. | ૪૯ |
| ૨૩. | આરોપીના મેડીકલ સેમ્પલ કબ્જે લીધાનું પંચનામુ. | ૫૦ |
| ૨૪. | બનાવવાળી જગ્યાનું પંચનામુ. | ૫૧ |
| ૨૫. | મોટરસાયકલ કબ્જે કર્યાનું પંચનામુ. | ૫૨ |
| ૨૬. | ગુનો રજીસ્ટર કરવા પી.એસ.ઓ.ને કરેલ યાદી. | ૫૫ |
| ૨૭. | આગળની તપાસ સોંપ્યાની યાદી. | ૫૬ |
| ૨૮. | નોડલ ઓફીસરશ્રીને લખેલ યાદી. | ૫૭ |
| ૨૯. | નોડલ ઓફીસરશ્રીને લખેલ યાદી. | ૫૮ |
| ૩૦. | અપહરણ થનારની દુરદર્શન ઉપર બહોળી પ્રસિધ્ધી તેમજ તપાસ તજવીજ કરાવવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢને કરેલ મેસેજ પરિશિષ્ટ–ક–૧. | ૫૯ |
| ૩૧. | કલમ–૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ. | ૬૦ |
| ૩૨. | નોડલ ઓફીસરશ્રીને લખેલ યાદી. | ૬૧ |
| ૩૩. | એડી.ચીફ જયુડી.મેજી.શ્રી વંથલીને કલમમાં ઉમેરો કરવા કરેલ યાદી. | ૬૨ |
| ૩૪. | પ્રમુખશ્રી શીશુમંગલ સંસ્થા જુનાગઢને ભોગ–બનનારનો કબ્જો સંભાળવા લખેલ યાદી. | ૬૩ |
| ૩૫. | ભોગ–બનનારની મેડીકલ તપાસણી માટે ભોગ–બનનારનો કબ્જો મળવા શીશુમંગલ સંસ્થા જુનાગઢને લખેલ યાદી. | ૬૪ |
| ૩૬. | અપહરણ થનારની દુરદર્શન ઉપર બહોળી પ્રસિધ્ધી તેમજ તપાસ તજવીજ કરાવવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢને કરેલ મેસેજ પરિશિષ્ટ–ક–૧. | ૬૫ |
| ૩૭. | નાયબ કાર્યપાલક ઇજનેર, પી.જી.વી.સી.એલ. શાપુરને પંચમાં રહેવા બે સરકારી કર્મચારી ફાળવવા લખેલ યાદી. | ૬૬ |
| ૩૮. | નાયબ પોલીસ અધિક્ષકશ્રી, કેશોદને વીઝીટેશનમાં વધારવા કરેલ મેસેજ. | ૬૭ |
| ૩૯. | ગુનાનો સ્પેશીયલ રીપોર્ટ. | ૬૮ |

| | | |
|---|---|---|
| ૪૦. | ઓન ડયુટી મેડી.ઓફી.શ્રી વંથલીને લખેલ યાદી. | ૬૯ |
| ૪૧. | ભોગ–બનનારની મેડીકલ તપાસણી પુરી થતા કબ્જો સંભાળવા શીશુમંગલ સંસ્થા જુનાગઢને લખેલ યાદી. | ૭૦ |
| ૪૨. | આરોપીને અટક કર્યાની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવા પી.એસ.ઓ. વંથલીને કરેલ યાદી. | ૭૧ |
| ૪૩. | એફ.એસ.એલ. જુનાગઢને ભોગ–બનનારના નમુનાની તપાસ કરી રીપોર્ટ મોકલવા લખેલ યાદી. | ૭૨ |
| ૪૪. | ભોગ–બનનારની વધુ તપાસ માટે ગાયનેકોલોજીસ્ટ, સીવીલ હોસ્પીટલ જુનાગઢને લખેલ યાદી. | ૭૩ |
| ૪૫. | ભોગ–બનનારનું કલમ–૧૮૩ મુજબનું નીવેદન લેવા એડી.ચીફ જયુડી.મેજી.વંથલી કોર્ટને લખેલ યાદી. | ૭૪ |
| ૪૬. | ભોગ–બનનાર પીડીતાને વળતર મળવા માટે અત્રેની કોર્ટને લખેલ યાદી. | ૭૫ |
| ૪૭. | ભોગ–બનનારની વધુ તપાસ કરી રીપોર્ટ મોકલ્યાનો મેડીકલ ઓફીસર, સીવીલ હોસ્પીટલ જુનાગઢનો પત્ર. | ૭૬ |
| ૪૮. | ભોગ–બનનારનું નીવેદન લેવા કબ્જો મળવા શીશુમંગલ સંસ્થા જુનાગઢને લખેલ યાદી. | ૭૭ |
| ૪૯. | ભોગ–બનનાર તથા આરોપીની મેડીકલ તપાસની રીપોર્ટ મળવા મેડીકલ ઓફીસર, શાપુરને લખેલ યાદી. | ૭૮ |
| ૫૦. | સહાયક રાજયવેરા કમિશ્નરની કચેરીને બે સરકારી કર્મચારી પંચ માટે ફાળવવા લખેલ યાદી. | ૭૯ |
| ૫૧. | એફ.એસ.એલ. જુનાગઢને મુદ્દામાલ રવાનગી સાથે મોકલેલ નમુનાનો અભિપ્રાય મળવા લખેલ યાદી. | ૮૦ |
| ૫૨. | એફ.એસ.એલ. જુનાગઢને મુદ્દામાલ મળ્યાની પહોંચ. | ૮૧ |
| ૫૩. | ભોગ–બનનારનું બોનાફાઇડ સર્ટીફીકેટ. | ૮૨ |
| ૫૪. | ભોગ–બનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર નકલ. | ૮૩ |

| | | |
|---|---|---|
| ૫૫. | લાઇટ બીલ. | ૮૪ |
| ૫૬. | મોટરસાયકલની રજીસ્ટ્રેશન કાર્ડની નકલ. | ૮૫ |
| ૫૭. | એફ.એસ.એલ. રીપોર્ટ મોકલ્યાનો ફોરવર્ડીંગ પત્ર. | ૮૬ |
| ૫૮. | એફ.આઇ.આર. | ૯૫ |
| ૫૯. | સ્ટેશન ડાયરીનો ઉતારો. | ૯૬ |

## – જજમેન્ટ –

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઇ તા.૧૩/૧૧/૨૦૨૪ ના કલાક ૧૩.૦૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ઉ.વ. ૧૭ વર્ષ, ૩–માસ જન્મ તા.૦૫/૦૭/૨૦૦૭ વાળીને ફરીયાદીની સંમતિ કે જાણ વીના ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી વંથલી તાલુકાના ટીકર ગામે ફરીયાદીના ઘરેથી ભોગ–બનનારને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી, ફોસલાવી બદકામ કરવાના ઈરાદે પોતાના હવાલાની મોટર સાયકલ જેના રજી. નં. જીજે–૧૧–સીબી–૪૧૯૪ વાળીમાં બેસાડી ભગાડી, અપહરણ કરી રાજકોટ ખાતે પોતાના રહેણાંક સ્થળે લઇ જઇ, પોતાની સાથે રાખી, આ કામના આરોપી ભોગ–બનનાર સગીરવયની હોવાનું જાણતા હોવા છતા તેણીની સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરી આ કામના આરોપીએ ગુનો કરેલ હોવાની ફરીયાદ વંથલી પોલીસ સ્ટેશનમાં આપતા, વંથલી પોલીસે સદર ગુનો ગુ.ર.નં. ૧૧૨૦૩૦૬૮૨૪૦૬૨૬/૨૦૨૪ થી બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)એમ તથા પોકસો એકટ કલમ–૬, ૮, ૧૨ મુજબનો ગુનો નોંધાયેલ છે.

(૨) ફરીયાદીની ફરીયાદના અનુસંધાને વંથલી પોલીસ સ્ટેશન તરફથી સદર ગુનાની ફરીયાદ દાખલ કર્યા બાદ તપાસ કરનાર પોલીસ અધિકારીએ તપાસ હાથ ધરેલી અને તપાસ દરમ્યાન આરોપી સામે ઉપરોકત મુજબના ગુના બનવા પામતા હોય આરોપીને અટક કરી, તેઓની વિરુધ્ધ કાયદેસરની પોલીસ તપાસ દરમ્યાન પુરતા પુરાવા જણાય આવતા અત્રેની ખાસ અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરતા તેને જરૂરી કાર્યવાહીને અંતે ઉપરોકત કેસ નંબરથી

નોંધવામાં આવેલ છે.

(૩) આરોપી સામેનો હાલનો કેસ અત્રેની કોર્ટ સમક્ષ ચાલવા માટે આવતા અને આરોપી તેઓના વિ.વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થતા, આરોપી વિરુધ્ધ આંક–૧૫ થી તહોમતનામુ ફરમાવી, વાંચી, સંભળાવી સમજાવી આંક–૧૬ થી આરોપીનો જવાબ નોંધતા આરોપીએ ગુનો કબુલ નથી, જેથી તેઓ સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) **નમુના–ક** માં જણાવ્યાં મુજબનો રજુ થયેલ પુરાવો લક્ષમાં લેતા તેમજ વિ.એડી.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવાની પુરસીશ આંક–૧૦૬ થી રજુ કરી, પોતાનો પુરાવો બંધ જાહેર કરતા બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નીવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદપક્ષના તમામ પુરાવાની હકીકત ખોટી હોવાનું તેમજ સોગંદ ઉપર જુબાની આપવાનો અને બચાવના સાહેદો તપાસવા માંગતા ન હોવાનું જણાવી, વિશેષમાં જણાવેલ છે કે, તેઓ તદ્દન નિર્દોષ છે, તેઓને ખોટી રીતે સંડોવી દીધેલ છે, તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) ત્યાર બાદ ફરીયાદપક્ષ તરફે વિ.એડી.પી.પી.શ્રીની વિગતવાર મૌખિક દલીલો સાંભળવામાં આવી. જેમાં એવી દલીલ કરેલ છે કે, આ કામના આરોપી વિરુધ્ધ બી.એન.એસ.ની કલમ–૮૭, ૧૩૭(૨), ૬૪(૨)એમ તથા પોકસો એકટ મુજબના ગુના પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ ધ્વારા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલાં છે, જે તમામ દસ્તાવેજી પુરાવા ફરીયાદપક્ષ ધ્વારા પુરવાર કરી આંકે પડાવેલ છે. વિશેષમાં જણાવેલ છે કે, આરોપી સામે ફરમાવેલ તહોમતનામુ ઉપરોકત પુરાવાથી પુરવાર કરેલ હોય અને બચાવપક્ષે તેની વિરુધ્ધના અનુમાનનું ખંડન કરેલ નથી, જેથી ફરીયાદપક્ષે તેનો કેસ શંકારહીત પુરવાર કરેલ હોય, આરોપીને યોગ્ય તે સજા કરવા અરજ કરેલ છે.

(૬) આરોપી તરફે તેમના વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ આરોપી સામેના આક્ષેપીત ગુના શંકાથી પર પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય આોપીને નીર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.

(૭) બંન્ને પક્ષકારોના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા અને બન્ને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો લક્ષમા લેતા આ કેસના ન્યાયી નિર્ણય માટે મારી સમક્ષ  નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

– મુદાઓ –

(૧) શું ફરીયાદપક્ષ શંકારહીત પુરવાર કરે છે કે, આ કામના ભોગ–બનનાર તા.૧૩/૧૧/૨૦૨૪ ના રોજ સગીર વયની ઉંમરના હતાં ?

(૨) આ કામના આરોપીએ ગઈ તા.૧૩/૧૧/૨૦૨૪ ના કલાક ૧૩.૦૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ઉ.વ. ૧૭ વર્ષ, ૩–માસ જન્મ તા.૦૫/૦૭/૨૦૦૭ વાળીને ફરીયાદીની સંમતિ કે જાણ વીના ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી વંથલી તાલુકાના ટીકર ગામે ફરીયાદીના ઘરેથી ભોગ–બનનારને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી, ફોસલાવી બદકામ કરવાના ઈરાદે પોતાના હવાલાની મોટર સાયકલ જેના રજી. નં. જીજે–૧૧–સીબી–૪૧૯૪ વાળીમાં બેસાડી ભગાડી, અપહરણ કરી રાજકોટ ખાતે પોતાના રહેણાંક સ્થળે લઈ જઈ, પોતાની સાથે રાખી, આ કામના આરોપી ભોગ–બનનાર સગીરવયની હોવાનું જાણતા હોવા છતા તેણીની સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરી અને તેમ કરીને આરોપીએ બી.એન.એસ.ની કલમ–૮૭, ૧૩૭(૨), ૬૪(૨)એમ તથા પોકસો એકટ કલમ–૬, ૮, ૧૨ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

(૩) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્ધાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

– નિ ર્ણ યો –

મુદા નં. ૧ હકારમાં.
મુદા નં. ૨ નકારમાં.
મુદા નં. ૩ આખરી હુકમ મુજબ.

– કા ર ણો –

**નિર્ણયના કારણો :**

(૯) ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત તેમજ ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈઓ મુજબ ફરીયાદપક્ષ આરોપી સામેનું તહોમત નિઃશંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન અદાલત માટે ફરજીયાત હોય છે. બીજા શબ્દોમાં, આરોપી સામેનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવાનો બોજો કાયદાથી ફરીયાદપક્ષ ઉપર લાદવામાં આવેલ છે. જયારે આરોપી પક્ષે તેવી હકીકત પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે કે સંભવિતતાના સિધ્ધાંત મુજબ સાબીત કરવાની હોય છે. એ સ્થાપિત છે કે, ફરીયાદપક્ષના કેસ અંગે મહત્વની શંકા ઉભી થાય તો હંમેશા તેનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે. હવે ઉપરોકત કાયદાની સ્થાપિત આ કોર્ટ જયારે પોકસો એકટના કાયદા અન્વયે સ્થાપિત થયેલ સ્પેશ્યલ કોર્ટ તરીકે પોકસો એકટ અન્વયેના ગુન્હાની ટ્રાયલ હાથ ધરે લ હોય ત્યારે સૌપ્રથમ એ જોવાનુ રહે છે કે આક્ષેપીત ગુના વખતે ભોગ બનનાર પોકસો એકટની કલમ–૨ (૧)(ડી) મુજબ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળક હતા કે કેમ? સદરહુ મુદ્દાઓની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લઈએ તો સદરહુ ગુનાના કામે આરોપી સામે પોક્સો એક્ટની જોગવાઈઓ મુજબના ગુનાઓના આક્ષેપો હોય બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હતી કે કેમ તે જોવુ આવશ્યક છે. આ તબકકે **સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિ. અનુપસીંઘ (૨૦૧૫) ૭ એસ.સી.સી., ૭૭૩** નો ચૂકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે . સદર ચૂકાદામાં નામ. સુપ્રીમ કોર્ટ ધ્વારા એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવેલ છે કે , બળાત્કારના કેસમાં ભોગ બનનારની ઉંમર નિર્ણિત કરતી વખતે **જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રુલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨ (૩)** ની જોગવાઈ ધ્યાને લેવાની રહે છે . વધુમાં, નામ. સુપ્રીમ કોર્ટ ધ્વારા **મહાડીઓ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર – ૨૦૧૩ (૧૪) એસ.સી.સી., ૬૩૭** ના ચૂકાદામાં તથા **જર્નેલ સીંઘ વિ. સ્ટે ટ ઓફ હરીયાણા –જજમેન્ટ ૨૦૧૩ (૭) એસ.સી.સી.,**

**૨૬૩** ના ચૂકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવેલ છે કે **,** બળાત્કારના કેસમાં ભોગ બનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રુલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨ (૩) લાગુ પડે અને ફકત આ રૂલમાં જણાવેલ દસ્તાવેજી પુરાવાની ગેરહાજરીમાં મેડીકલ ઓપીનીયન ધ્યાને લઇ શકાય. જેથી ભોગ બનનારની ઉંમર નકકી કરવા માટે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રુલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨ (૩) ની જોગવાઇ ધ્યાને લેવી જરુરી છે **,** જે નીચે મુજબ છે **::**

"12.(3) In every case concerning a child or juvenile in conflict with law, the age determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the Committee by seeking evidence by obtaining--

(a) (i) the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii) the date of birth certificate from the school (other than aplay school) first attended; and in the absence whereof;

(iii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(b) and only in the absence of either (i), (ii) or (iii) of clause (a) above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child or juvenile by considering his/her age on lower side within the margin of one year. and, while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available, or the medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any or the clauses (a)(i),(ii),(iii) or in the absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law.

**(૧૦)** ઉપરોકત જોગવાઈ તથા ચુકાદાઓ ધ્યાને રાખી ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા પૈકી ફરીયાદપક્ષે ભોગ–બનનાર બનાવ વખતે સગીર વયની હતી તે પુરવાર કરવા માટે તપાસેલ સાહેદો પૈકી સૌપ્રથમ સાહેદ નં. ૧ ફરીયાદીનો પુરાવો જોઈએ તો તેઓને આંક–૧૭ થી તપાસેલ છે, તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેમને સંતાનમાં આઠ દીકરીઓ અને એક દીકરો છે, જેમાં સૌથી મોટી ઉર્વશી, તેનાથી નાની મીરા, તેનાથી નાની સરોજ, તેનાથી નાની પુરી, તેનાથી નાની વિલાસ અને તેનાથી નાની પ્રવિણા, તેનાથી નાની પૃથ્વી અને તેનાથી નાની ભોગ–બનનાર છે અને તેનાથી નાનો દીકરો દિપ છે. બનાવ સબંધે તેઓએ પોલીસ ફરીયાદ આપેલી જે આ કામે આંક–૧૮ થી રજુ થયેલ છે. ફરીયાદીએ આપેલ આંક–૧૮ વાળી ફરીયાદ વંચાણે લેવામાં આવે તો તેમાં તેમની ભોગ–બનનાર દિકરીની ઉંમર ૧૭ વર્ષ અને ૩–માસ જણાવેલ છે અને તેની જન્મ તા.૦૫/૦૭/૨૦૦૭ ની જણાવેલ છે. વધુમાં આ કામે આંક–૧૯ થી ભોગ–બનનારની જુબાની થયેલ છે અને તેમાં તેણીએ તેની જન્મ તા.૦૫/૦૭/૨૦૦૭ જણાવેલ છે અને તેમની જુબાની દરમ્યાન તેણીએ વંથલીના મેજીસ્ટ્રેટશ્રી રુબરુ નીવેદન આપેલાનું જણાવી તે નીવેદન આ કામે આંક–૨૦ થી રજુ કરેલ છે અને તે આંક–૨૦ વાળું નીવેદન વંચાણે લેવામાં આવે તો તેમાં પણ ભોગ–બનનારે તેની જન્મ તા.૦૫/૦૭/૨૦૦૭ જણાવેલ છે. વધુમાં આ કામે ફરીયાદપક્ષે આંક–૨૨ થી સાહેદ ડો.નીલમ શામજીભાઈ પોલરાની જુબાની થયેલ છે, જેઓએ ભોગ–બનનારની મેડીકલ તપાસણી કરેલી છે અને તેઓએ તેમની જુબાનીમાં ભોગ–બનનારની ઉંમર આંક–૩૦ થી ભોગ–બનનારનું શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ રજુ કરેલ છે, તે જોતા તેમાં પણ ભોગ–બનનારની જન્મ તા. ૦૫/૦૭/૨૦૦૭ દર્શાવેલ છે. વધુમાં સદર કામે ભોગ–બનનારનું બોનાફાઈડ સર્ટીફીકેટ શ્રી સર્વોદય વિદ્યાલય, ટીકર (સોરઠ) ના આચાર્યએ કાઢી આપેલ છે તે આંક–૮૨ થી રજુ થયેલ છે અને તેમાં ભોગ–બનનારની જન્મ તારીખ વયપત્રક મુજબ ૦૫/૦૭/૨૦૦૭ હોવાનું જી.આર. નંબર ઉપરથી લખી આપેલ હોવાનું જણાય આવે છે. આ કામે કહેવાતો બનાવ તા.૧૩/૧૧/૨૦૨૪ ના રોજ બનેલ છે ત્યારે બનાવ સમયે ભોગ–બનનારની ઉંમર ૧૭ વર્ષ, ૪–માસ અને ૮–દિવસની હોવાનું પુરવાર ફલીત થાય છે.

ભોગ–બનનારની ઉંમર સબંધે બચાવપક્ષે કોઇ તકરાર લીધેલ નથી ત્યારે રજુ પુરાવાથી બનાવ સમયે ભોગ–બનનાર ૧૭ વર્ષ, ૪–માસ અને ૮–દિવસની ઉંમરની હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે, ત્યારે બનાવ સમયે ભોગ–બનનાર સગીર વયની ઉંમરના હતાં તેવું રેકર્ડ ઉપર પુરવાર થાય છે, જેથી મુદા નં. ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદા નં. ૨ ની ચર્ચા ::</u>**

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આ કામના આરોપી સામે એવો આક્ષેપ મુકવામાં આવેલ છે કે, આ કામના આરોપીએ ગઇ તા.૧૩/૧૧/૨૦૨૪ ના કલાક ૧૩.૦૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ઉ.વ. ૧૭ વર્ષ, ૩–માસ જન્મ તા.૦૫/૦૭/૨૦૦૭ વાળીને ફરીયાદીની સંમતિ કે જાણ વીના ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી વંથલી તાલુકાના ટીકર ગામે ફરીયાદીના ઘરેથી ભોગ–બનનારને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી, ફોસલાવી બદકામ કરવાના ઈરાદે પોતાના હવાલાની મોટર સાયકલ જેના રજી. નં. જીજે–૧૧–સીબી–૪૧૯૪ વાળીમાં બેસાડી ભગાડી, અપહરણ કરી રાજકોટ ખાતે પોતાના રહેણાંક સ્થળે લઇ જઇ, પોતાની સાથે રાખી, આ કામના આરોપી ભોગ–બનનાર સગીરવયની હોવાનું જાણતા હોવા છતા તેણીની સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરી ગુનો કરેલ હોવાનો આક્ષેપ મુકવામાં આવેલ છે અને સદર હકીકત સબંધે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો વંચાણે લેવામાં આવે તો આ કામના મુળ ફરીયાદી ભીખુભાઇ પોલાભાઇ ઉકડીયાની આંક–૧૭ થી જુબાની થયેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેમને સંતાનમાં આઠ દીકરીઓ અને એક દીકરો છે, તેઓ વંથલી તાલુકાના ટીકર ગામે તેમના પરીવાર સાથે રહે છે, તેમની ઘરવાળીનું નામ ચંદ્રીકા છે, સૌથી મોટી ઉર્વશી, તેનાથી નાની મીરા, તેનાથી નાની સરોજ, તેનાથી નાની પુરી, તેનાથી નાની વિલાસ, તેનાથી નાની પ્રવિણા, તેનાથી નાની પૃથ્વી અને તેનાથી નાની ભોગ–બનનાર છે, તેનાથી નાનો દીકરો દિપ છે, તેઓ ધોરણ–૪ સુધી ભણેલ છે તેમ જણાવેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેની ભોગ–બનનાર દીકરીને કયારેય કોઇ લલચાવી ફોસલાવી લઇ ગયેલ હોય તેવું બનેલ

નથી, તેમની ભોગ–બનનાર દીકરી સાથે કોઇ અઘટીત બનાવ બનેલ હોય તેવું પણ તેમના ધ્યાને આવેલ નથી. હાલ તેમની ભોગ–બનનાર દીકરી તેમના ઘરે તેઓની સાથે રહે છે. સદર ફરીયાદીને અસલ ફરીયાદ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે જે પોલીસ ફરીયાદ આંક–૧૮ થી રજુ થયેલ છે. સદર ફરીયાદી તેની ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય તેઓને હોસ્ટાઇલ જાહેર કરી, વિ.એડી.પી.પી.શ્રી ધ્વારા સદર ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ ઉલટતપાસ કરવા છતા ફરીયાદ વાળા બનાવની હકીકતને સમર્થન મળે તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. સદર ફરીયાદીની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે તેઓ ઓછુ ભણેલ છે, તેમને વાંચતા આવડતુ નથી, પોલીસે તેમની એક તૈયાર કાગળમાં સહી લીધેલી, તે કાગળમાં શું લખેલ હતું તે વંચાવેલ નહી કે વાંચી સંભળાવેલ નહી. ભોગ–બનનાર દીકરીને કોઇ ભગાડી ગયેલ હોય તેવું બનેલ નથી. તેઓ પોલીસ સ્ટેશન ગયેલ હોય અને તેમની કોઇ વિશેષ પુછપરછ કરેલ હોય તેવું બનેલ નથી તેવી સઘળી હકીકતોનો સ્વીકાર કરેલ છે. આમ, સદર ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર ફરીયાદીએ તા.૧૩/૧૧/૨૦૨૪ ના રોજ સવારના સાતેક વાગ્યે તેમની વાડીએ ઓપનર હાકવા ગયેલ અને ત્યાંથી બપોરના સાડા બારેક વાગ્યે ઘરે જમવા આવેલ ત્યારે તેની ભોગ–બનનાર દીકરી નહાવા ગયેલી અને નાહીને બહાર આવેલ અને તેઓને કહેલ કે, મારું બકલ બારીએથી બહાર પડી ગયેલ છે તે હમણા લઇને આવું તેમ કહીને બહાર ગયેલ અને તે પછી તેમની દીકરી આવેલ નહી અને તેણીની શોધખોળ કરતા પણ મળી આવેલ નહી અને ઘરમાંથી તેના ડોકયુમેન્ટ સાથે લઇ ગયેલ હોય જેથી તેને કોઇ ભગાડી ગયેલ હોય તેવું તેમનું માનવું હોય અને તેમને કોઇ ઉપર શક વહેમ નથી તેવી હકીકત તેની આંક–૧૮ વાળી ફરીયાદમાં જણાવેલ છે. પરંતુ આવી કોઇ હકીકત ફરીયાદીએ તેની કોર્ટ સમક્ષની જુબાની દરમ્યાન જણાવેલ નથી. વધુમાં તેઓએ ફરીયાદ આપતા સમયે પણ તેણીની ભોગ–બનનાર દીકરીને કોઇ ભગાડી ગયેલ હોય તેવી કોઇ ઉપર વહેમ કે શંકા વ્યકત કરેલ નથી, જે હકીકત ધ્યાને લેતા પણ ફરીયાદીની દીકરી ભોગ–બનનારને હાલના આરોપી ભગાડી ગયેલ હોય તેવી

હકીકત રેકર્ડ ઉપર ફલીત થતી નથી.

(૧૨) વધુમાં સદર કામે ફરીયાદપક્ષે સાહેદ નં.ર તરીકે ભોગ–બનનારની આંક–૧૯ થી જુબાની લીધેલ છે. સદર ભોગ–બનનારે તેની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેઓ આરોપીને માણાવદર તાલુકાના ભાલેચા ગામે ગયેલ ત્યારે મળેલ અને ત્યારે પરીચય થયેલ, તે પછી તેમને પ્રેમસબંધ થયેલો, આરોપીએ તેમને મોબાઇલ પણ આપેલો અને બંને વાતચીત કરતા હતાં, તેણીની જન્મ તા.૦૫/૦૭/૨૦૦૭ છે, તેણીને આરોપીએ મળવાની વાત કરેલી જેથી તેણીએ મળવાની હા પાડેલી. આરોપી રાત્રે તેના ઘરે આવેલ અને તેણીએ અને આરોપીએ શરીર સબંધ બાંધેલો, આરોપીએ તેણીની મરજી વિરુધ્ધ તેની સાથે શરીર સબંધ બાંધેલો. ભોગ–બનનાર વધુમાં જણાવે છે કે, ત્યાર બાદ પણ એકબીજા ફોનમાં વાતો કરતા અને તેણી આરોપી સાથે વાત કરતી હતી ત્યારે તેણીના ઘરવાળાએ તેને પકડી લીધેલ અને બંને તેમના પાડોશીની વાડી (ખેતર) માં પણ મળતા હતા અને વાડીમાં કોઇ શરીર સબંધ બંધાયેલ નહી, ત્યાર બાદ પણ તેણી આરોપી સાથે ફોનમાં વાતો કરતી હતી. આરોપી રાજકોટ ઇટના ભઠ્ઠામાં કામ કરવા જતા રહેલ હતા, આરોપીના લગ્ન થઇ ગયેલ અને એક બાળક હોવાની વાત પણ પાછળથી કરેલ હતી, બાદ તેણી તેના ઘરેથી આરોપીના કહેવાથી રાજકોટ ગયેલી અને જે જગ્યાએ કામ કરતા હતા તે જગ્યાએ તેણી ગયેલી અને ત્યાં આરોપી તેને મળેલા અને વાતચીત થયેલ હતી, આરોપીએ તેને ભાગી જવાનું કીધેલ જેથી તેણી રાજકોટ ગયેલી. બાદ તેના પિતાજીએ આ અંગેનો કેસ કરેલો, તેણી રાજકોટ ચાર પાંચ દિવસ આરોપી સાથે રોકાયેલ અને આરોપી જે જગ્યાએ રાજકોટમાં કામ કરતા હતા તે જગ્યાએ આરોપી સાથે ઓરડીમાં રોકાયેલ, પોલીસ તેને રાજકોટથી લઇ ગયેલી અને પુછપરછ કરી નીવેદન લીધેલ અને મેડીકલ ચેકઅપ કરાવેલ, ડોકટરશ્રીએ પણ તેમની પુછપરછ કરેલી અને શરીર ઉપરથી નમુના લીધેલાં. પોલીસ તેમને જજ સાહેબ પાસે લઇ ગયેલ અને ત્યાં જજ સાહેબે તેની પુછપરછ કરી નીવેદન રેકર્ડ કરેલ અને સહી લીધેલી, સદર ભોગ–બનનારને કોર્ટ રેકર્ડમાંથી સીઆરપીસી કલમ–૧૬૪ મુજબનું નીવેદન બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે જે નીવેદન આંક–૨૦ થી રજુ થયેલ છે. પોલીસે તેમના કપડા માંગેલા જે તેણીએ

આપેલાં, તેણીને મુદ્દામાલ આર્ટીકલ એ, બી, સી અને ડી સીલબંધ હોય કોર્ટની પરવાનગીથી ખોલી તેમાંથી નીકળેલ ચોરણી, ટોપ, નીકર અને બ્રા બતાવતા તે જોઇને જણાવે છે કે તે તેણીએ પોલીસને આપેલ હતા તે જ કપડા છે જે ઓળખી બતાવે છે. આરોપીએ એક ફોન પકડાય ગયા બાદ બીજો ફોન પણ આપેલો. મયુરે આપેલ મોબાઇલ નંબર તેમને યાદ નથી અને મયુરના નંબર પણ યાદ નથી. મયુરની પત્નીનું નામ ખબર નથી, તેને એક દીકરો પણ છે. તેણી જયારે રાજકોટ ગયેલી ત્યારે તેને આરોપી મયુરે તે પરણીત છે અને તેને એક સંતાન છે તેવી વાત કરેલી. તેણી તેના ઘરેથી રાજકોટ મોટર સાયકલમાં મયુરની પાછળ બેસીને ગયેલી અને તે ટીકર લેવા માટે આવેલો, તેણી દક્ષા નામની કોઇ મહીલાને ઓળખતી નથી. વધુમાં જણાવે છે કે, પોલીસ તેણીને રાજકોટમાં જે જગ્યાએ તમો આરોપીએ તેણીને રુમમાં રાખેલ તે જગ્યાએ લઇ ગયેલ અને તેણીએ તે જગ્યા પોલીસને બતાવેલી, તે જગ્યા ઇંટ બનાવવાની ભઠી હતી વિગેરે હકીકતો પોતાની સરતપાસમાં જણાવેલ છે. સદર ભોગ–બનનારની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં તેણીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, મયુર તેની બેનના જેઠનો છોકરો છે તેથી તેને પહેલાથી ઓળખતી હતી. આરોપી અને તેમની બેન બંને બાંટવા મુકામે બાજુ બાજુમાં રહે છે અને તેણીને તેની બેનના ઘરે અવાર નવાર જવાનું થતુ હોય છે. તેણીને મયુર સાથે પ્રેમ સંબંધ બનેલ હોય તેવું બનેલ નથી, તેણીને મયુર સાથે ફોનમાં વાતચીત થયેલ હોય અને મયુરને મળવા ગયેલ હોય તેવું પણ બનેલ નથી. મયુર તેને લલચાવી ફોસલાવી લઇ ગયેલ હોય તેવું બનેલ નથી, મયુરે તેની સાથે કોઇ શરીર સબંધ બાંધેલ નથી, તેના પિતા તેની મરજી વિરુધ્ધ બીજે સગાઇ કરી દેતા હતા તેથી તેણી તેના સગાને ત્યાં જતી રહેલ હતી, તેણી તેની જાતે તેના પિતાના ઘરે આવી ગયેલ હતી, તેણી તેના પિતા સાથે પોલીસ સ્ટેશન ગયેલી વિગેરે હકીકતનો ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે. વધુ ઉલટતપાસમાં પણ સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેની કોઇ પુછપરછ કરેલ હોય કે નીવેદન લીધેલ હોય તેવું બનેલ નથી. પોલીસે તૈયાર કાગળમાં સહી કરાવેલ જે સહી તેણીએ તેના પિતાના કહેવાથી કરેલ હતી. તેણી હોસ્પીટલે ગયેલ હોય અને ત્યાં ડોકટરશ્રીએ પુછપરછ કરેલ હોય તેવું બનેલ નથી. તેણી પોલીસ સાથે કયાંય

ગયેલ હોય અને પોલીસને સ્થળ બતાવેલ હોય તેવું બનેલ નથી. તેણી મયુરના ઘરે ગયેલ હોય અને ત્યાં રોકાયેલ હોય તેવું બનેલ નથી. તેણીએ પોલીસને કોઇ કપડા રજુ કરેલ હોય તેવું બનેલ નથી. તેણી તેના પિતા સાથે કોર્ટમાં જુબાની આપવા ગયેલ ત્યારે તેના પિતાજીના દબાણના કારણે તેના પિતાએ કહેલ તે તેણીએ લખાવેલ હતું તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે. વધુ ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે, તેણી કોઇ મોટરસાયકલમાં બેસીને ગયેલ હોય કે મયુર તેને તેડી ગયેલ હોય તેવું બનેલ નથી. આરોપીએ તેની સાથે કોઇ બદકામ કરેલ હોય તેવું બનેલ નથી વિગેરે હકીકતોનો સ્વીકાર કરેલ છે. આમ, સદર ભોગ-બનનાર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર ભોગ-બનનારે તેની સરતપાસમાં જે હકીકતો જણાવેલ છે તે હકીકતોનું બચાવપક્ષની ઉલટતપાસમાં ખંડન કરેલ છે અને તેથી ભોગ-બનનારનો પુરાવો સચોટ અને વિશ્વસનીય જણાય આવતો નથી અને તેમના સરતપાસ અને ઉલટતપાસના પુરાવામાં એકસુત્રતા જળવાતી ન હોય જેથી તેવા પુરાવા પર આધાર રાખી શકાય નહી.

**(૧૩)** સદર કામે ફરીયાદપક્ષના સાહેદ ડો.નીલમ શામજીભાઇ પોલરાની આંક-૨૨ થી જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા.૧૯/૧૧/૨૪ ના રોજ પીએચસી શાપુર, તા.વંથલી ખાતે સાંજના ૫.૧૦ કલાકે ફરજ પર હાજર હતી ત્યારે ડી.આર. પારઘી, ઇ/ચા. સીપીઆઇ માણાવદર ધ્વારા ભોગ-બનનાર ઉ.વ.૧૭ વર્ષ ૩ મહીના, રહે. ટીકર, તા.વંથલી, જી.જુનાગઢ નાઓને શારીરીક તપાસ અર્થે આંક-૨૩ વાળી યાદી સાથે લાવેલ, જે બકલ નં. ૨૨૦૧૭ વાળા ભાવનાબેન લાવેલ, તેઓએ ભોગ-બનનારને મેડીકલ પરીક્ષણ બાબતે પ્રાથમીક સમજણ આપેલી અને તેમની સંમતિ બદલ સહી લેવામાં આવેલી, ભોગ-બનનારને ચહેરા નીશાનમાં તેના કપાળ ઉપર કાળા કલરનું તલ હતું, ભોગ-બનનારને પુછતા તે ૧૧ વર્ષની ઉંમરમાં તેને માસીક આવવાનું શરુ થઇ ગયેલ અને તેને ત્રણ દિવસ માસીક રહેતુ હતું, તેણીને તેની પાસે લાવેલ ત્યારે તેણી માસીકમાં હતી નહી અને તેની છેલ્લી માસીકની તા.૨૧/૪/૨૪ હોવાની જણાવેલ. બનાવની હકીકત બાબતે તેણીને પુછતા તેણીએ તેની રુબરુ એવું જણાવેલ કે, ''મયુર મારી બહેનનો સગો થાય છે તે બપોરના ૧ વાગ્યે

તા.૧૩/૧૧/૨૪ ના રોજ અમે બંને ઘરેથી જુનાગઢ જવા નીકળેલ ત્યાર પછી અમે રાજકોટ ગયેલા અને રાજકોટ હું સાત દિવસ મયુર સાથે રોકાયેલ અને તા.૧૭/૧૧/૨૪ ના રોજ સાંજના સાત વાગ્યે પકડેલા'' તેણીએ વિશેષમાં જણાવેલ કે, ''મે આ સાત દિવસ દરમ્યાન અનેક વખત મારી મરજીથી મયુર જોડે શરીર સબંધ બાંધેલો'' સદર સાહેદ વધુમાં જણાવે છે કે, તેના શરીર ઉપર કોઈ બાહ્ય ઈજાના નીશાન જોવામાં આવેલ નહી, આરોપીએ શરીર સબંધ દરમ્યાન કોઈ માદક પદાર્થનું સેવન ન કરેલાનું જણાવેલ અને શરીર સબંધ દરમ્યાન મયુરે કોન્ડમનો ઉપયોગ કરેલાની હકીકત પણ જણાવેલી. આ અંગે તેઓએ સર્ટીફીકેટ તૈયાર કરેલ, જેમાં પોતાની સહી તથા સીકકો ઓળખી બતાવે છે જે આ કામે આંક-૨૪ થી રજુ થયેલ છે. ભોગ-બનનારે તેની સાથે શરીર સબંધ ન થયેલ હોય તેવું કહી શકાય નહી. વધુમાં જણાવે છે કે, તેઓએ ભોગ-બનનારના શરીર ઉપરથી જે નમુના લીધેલ તેનું વર્ણન કરેલ છે અને આ બાબતે અલગથી એક લીસ્ટ બનાવેલ જે તેઓ સાથે લાવેલ છે તે આ કામે આંક-૨૫ થી રજુ કરેલ છે તેમજ ભોગ-બનનારનો ગાયનેક અભિપ્રાય માટે યાદી તૈયાર કરેલ અને રીફર કરેલ જે યાદી આંક-૨૬ થી રજુ કરેલ છે તેમજ તેઓ તેમની સાથે ભોગ-બનનારના ઓપીડી કેસ કાગળ લાવેલ છે તે આંક-૨૭ થી રજુ કરેલ છે. સદર સાહેદે જુબાની દરમ્યાન ભોગ-બનનારનો બ્લડ રીપોર્ટ સાથે લાવેલ છે જેમાં ભોગ-બનનારનું બ્લડગૃપ બી-પોઝીટીવ આવલ તે આંક-૨૮ થી રજુ કરેલ છે તથા ભોગ-બનનારના યુરીન પ્રેગનન્સી રીપોર્ટ, એચઆઈવી રીપોર્ટ, આરબીએસ રીપોર્ટ તથા એતબી રીપોર્ટ લાવેલ નથી પણ તેના આધારે લેબોરેટરી ટેકનીશીયન શ્રી પુરોહીતે તૈયાર કરેલ લેબ રીપોર્ટ આંક-૨૯ થી રજુ રાખેલ છે. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ-બનનાર સાથે કોઈ બળજબરીપુર્વક શરીર સંભોગ કરવામાં આવેલ હોય તેવા કોઈ ઈજાના નીશાનો જોવા મળેલ ન હતાં. ભોગ-બનનારનો જન્મ તારીખનો કોઈ આધાર ન હોય તો ભોગ-બનનારનો શારીરીક બાંધો જોતા તે સગીરવયના છે કે પુખ્ત ઉમરના તે જણાવી શકાય નહી. સદર સાહેદની જુબાની દરમ્યાન ભોગ-બનનારના જન્મના આધાર અંગે તેણીનું શાળા છોડયાનું પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ આંક-૩૦ થી રજુ

રાખેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ ભોગ–બનનારની મેડીકલ તપાસણી નિયમોને આધિન કરેલ નથી વિગેરે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર સાહેદે ભોગ–બનનારની મેડીકલ તપાસણી કરેલ છે અને મેડીકલ તપાસણી દરમ્યાન ભોગ–બનનારે હીસ્ટ્રીમાં આરોપી સાથે શરીર સબંધ બાંધેલ હોવાની હકીકત જણાવેલ છે, પરંતુ મેડીકલ તપાસણી દરમ્યાન ભોગ–બનનારના શરીર ઉપર કોઈ બાહય ઈજાના નીશાન જોવામાં આવેલ નથી. જો કે, સદર હકીકતને ભોગ–બનનારે તેની જુબાનીથી સમર્થન કરેલ નથી અને તેણીની સાથે આરોપીએ કોઈ શારીરીક સબંધ બાંધેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ નથી ત્યારે માત્ર ડોકટરના પુરાવા પર આધાર રાખી શકાય નહી.

**(૧૪)** સદર કામે ફરીયાદપક્ષના સાહેદ ડો.ચીરાગ ભીખનભાઈ જાદવની આંક–૩૩ થી જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૬/૧૧/૨૪ ના રોજ વંથલી કણજા પીએચસીમાં બોન્ડેડ ડોકટર તરીકે ફરજ પર હતા ત્યારે વંથલી પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૬૨૬/૨૪ ના કામે તમો આરોપીનું મેડીકલ પરીક્ષણ થવા માટે પોલીસ યાદી સાથે લાવેલ જે યાદી આંક–૩૪ થી રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, આરોપીને તેમની પાસે બકલ નં. ૬૯૭ વાળા પી.સી. પ્રવીણભાઈ લાવેલાં, તેઓએ આરોપીની મેડીકલ તપાસણી બાબતે સમજ આપેલી અને મેડીકલ સર્ટીફીકેટમાં સહી તથા અંગુઠાના નીશાન લીધેલા, આરોપીના ઓળખ ચીન્હમાં ઘાટુ લીલુ ત્રાજવું જમણા હાથના અંગુઠા નીચે અંગ્રેજીમાં 'એમ' ત્રોફાવેલ હતું તેમજ ડાબા હાથમાં અંગુઠા નીચે ઘેરા લીલા કલરનું અંગ્રેજીમાં 'કે' ત્રોફાવેલ હતું. બનાવ હકીકત બાબતે પુછતા આરોપીએ એવું જણાવેલ કે, ‘‘આજથી અંદાજે ત્રણ મહીના પહેલાં હું અને તેણી એક મેળામાં મળેલાં, જયાં અમે લોકોએ નંબરની આપ–લે કરેલ અને પછી રેગ્યુલર ફોન પર વાત કરતા અને આજથી અંદાજે એક મહીના પહેલાં તેણીના ઘરે મળવા ગયેલ અને અમે બંનેએ અમારી સંમતિથી પહેલીવાર શારીરિક સબંધ બાંધેલ છે અને પછી મેં તેણીને ફોન આપેલ અને વચ્ચે વચ્ચે બંનેની સંમતિથી શારીરિક સબંધ બાંધતા હતાં, પછી તેણીને મારી સાથે રાજકોટ લઈ ગયો અને ત્યાં ચાર પાંચ દિવસ રોકાણા અને અમે છેલ્લી વાર એક અઠવાડીયા પહેલાં બંનેની સંમતિથી

શારીરિક સબંધ બાંધેલ છે'' તેમ જણાવેલ. આરોપી ભોગ–બનનારને પહેલાથી ઓળખતા હતાં, આરોપીના શરીર ઉપર કોઇપણ તાજા ઈજાના નીશાન ન હતાં, આરોપીના કપડા સબંધીત પોલીસ ધ્વારા મેળવી લેવામાં આવેલ હતા, તેમની સમક્ષ આવેલ આરોપીએ પહેરેલ કપડા ઉપર કોઇપણ જાતના લીપસ્ટીક, લોહી, વાળ વિગેરેના નીશાન જોવા મળેલ ન હતાં, આરોપીના શરીર ઉપર કોઇપણ જાતની બાહય ઈજાના નીશાન જોવા મળેલ ન હતાં, આરોપીની ઉંચાઇ ૫ ફુટ, વજન ૪૨ કી.ગ્રા., શરીરનો બાંધો સામાન્ગ, બ્લડપ્રેશર ૧૧૦/૭૦, પલ્સ રેટ ૮૪/મી. હતાં, આરોપીને તેની પાસે લાવેલ ત્યારે દાઢી હતી નહી, પરંતુ મુછ બે સેમી લાંબી હતી, બગલના વાળ હતા, ગુપ્ત ભાગના વાળની લંબાઈ ૩ થી ૪ સેમી અને કાળા રંગના હતાં, દાંતની સંખ્યા ૩૨ હતી, ગુપ્તાંગમાં કોઇપણ જાતની ખોડખાપણ જણાઇ આવેલ ન હતી, શીશ્ન ઉત્થાન તથા તેનું માપ લંબાઇમાં ૧૩ સેમી હતું અને સામાન્ય સ્થીતીમાં ૯ સેમી હતું, ગુપ્ત ભાગમાં કોઇપણ જાતના ઈજાના નીશાનો જોવા મળેલ ન હતાં તથા કોઈપણ જાતની જાતીય સમસ્યાથી પીડીત ન હતાં વૃષણ કોથળી સામાન્ય હતી. તેઓએ મેડીકલ સર્ટીફીકેટ તૈયાર કરેલ તેમાં તેમની સહી તથા સીકકો છે જે આ કામે આંક–૩૫ થી રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, આરોપી શરીર સબંધ બાંધવા માટે સક્ષમ ન હતા તેવું કહી શકાય નહી, તેઓએ આરોપીના શરીર ઉપરથી લીધેલ નમુનાની વિગત જણાવેલ છે અને સદર નમુના યાદી સાથે મોકલી આપેલાં તે યાદી આંક–૩૬ થી રજુ કરેલ છે તેમજ આરોપીના એમ.એલ.સી. કેસ કાગળો સાથે લાવેલ છે તે આંક–૩૭ થી રજુ કરેલ છે. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં સ્વીકાર કરેલ છે કે, આરોપીના પ્રાઇવેટ પાર્ટ ઉપર જબરજસ્તીથી સંભોગ કરેલાના કોઇ નીશાનો જોવામાં આવેલ નહી. સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર સાહેદે આરોપીની મેડીકલ તપાસણી કરેલી છે અને સદર મેડીકલ તપાસણી દરમ્યાન આરોપીએ જાતે હીસ્ટ્રીમાં ભોગ– બનનાર સાથે શરીર સબંધ બાંધેલાની હકીકત જણાવેલ છે પરંતુ આરોપીની શારીરીક તપાસણી દરમ્યાન તેના પ્રાઇવેટ પાર્ટ ઉપર કોઇ જબરજસ્તીથી સંભોગ કરેલાના કોઇ નીશાન જોવામાં આવેલ નથી. આ કામના ભોગ–

બનનારે તેની સાથે આરોપીએ શરીર સબંધ બાંધેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે ત્યારે માત્ર આરોપીએ ડોકટર સમક્ષ આપેલ હીસ્ટ્રી ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

**(૧૫)** સદર કામે ફરીયાદપક્ષના સાહેદ ડો.કીશન છગનભાઈ કાનાણીની આંક–૪૦ થી જુબાની થયેલ છે, તેઓ ગાયનેકોલોજીસ્ટ તરીકે જુનાગઢ સરકારી હોસ્પીટલમાં ફરજ બજાવતા હતાં અને આ કામે ભોગ–બનનારની વિશેષ તપાસ માટે લાવતા તેઓએ ભોગ–બનનારની વિશેષ તપાસ કરેલ છે અને ભોગ–બનનારના ગુપ્તભાગની તપાસ કરતા તેમાં ૧ થી ૨ સેમી પ્યુબીક હેર હોવાનું અને હાયમન તુટેલ હતું તેમજ કોઈ બ્લીડીંગ કે અન્ય કોઈ પ્રકારનો સ્ત્રાવ જોવા મળેલ નહી કે કોઈ સોજો જોવા મળેલ નહી. તેમના અભિપ્રાય મુજબ ભોગ બનનાર સાથે શારીરિક સંભોગ થયાની શકયતા નકારી શકાય નહી તેમ જણાવેલછે. વધુમાં ભોગ–બનનારનો યુપીટી ટેસ્ટ કરવામાં આવેલ જેની તપાસમાં યુટીપી ટેસ્ટ નેગેટીવ આવેલ હતો તેમજ ભોગ–બનનારનો યુએસજી એબડોમીન અને પેલ્વીસની તપાસ કરવામાં આવેલી જે અંગે હોસ્પીટલના રેડીયોલોજીસ્ટે ભોગ–બનનારની તપાસ કરી રીપોર્ટ આપેલો તે સંયુકત આ કામે આંક–૪૨ થી રજુ કરેલ છે. તેમની સમગ્ર તપાસના અંતે ભોગ–બનનારની માંગણી મુજબ ગાયનેક તપાસ થયેલ તેમાં કોઈ અસામાન્ય સંજોગો જણાય આવેલ નહી તેમ જણાવેલ છે. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, ભોગ–બનનારના પ્રાઈવેટ પાર્ટ ઉપર જબરજસ્તીથી સંભોગ કરેલાના કોઈ નીશાનો જોવામાં આવેલ નહી. આમ, સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર સાહેદે ભોગ–બનનારનો ગાયનેક ટેસ્ટ કરેલ છે અને તેમાં ભોગ–બનનારનો યુપીટી ટેસ્ટ કરવામાં આવેલ જેની તપાસમાં યુટીપી ટેસ્ટ નેગેટીવ આવેલ હતો તેમજ ભોગ–બનનારનો યુએસજી એબડોમીન અને પેલ્વીસની તપાસ કરવામાં આવેલી જે અંગે હોસ્પીટલના રેડીયોલોજીસ્ટે ભોગ–બનનારની તપાસ કરી રીપોર્ટ આપેલો અને તેમની સમગ્ર તપાસના અંતે ભોગ–બનનારની માંગણી મુજબ ગાયનેક તપાસ થયેલ તેમાં કોઈ અસામાન્ય સંજોગો જણાય આવેલ નહી તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે, જેથી ભોગ–બનનાર સાથે કોઈ

બળજબરીપુર્વક સંભોગ થયેલ હોય તેવી કોઈ હકીકત સદર સાહેદના પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૬) વધુમાં સદર કામે ફરીયાદપક્ષના સાહેદ ડો.નીરવ હિતેષભાઈ નાંઢાની આંક–૪૫ થી જુબાની થયેલ છે, સદર સાહેદની જુબાનીમાં મુખ્યત્વે તેઓએ ભોગ–બનનારની શારીરિક તપાસણી કરેલી, ભોગ–બનનારના ગુપ્ત ભાગની તપાસ કરતા તેમાં ૧ થી ૨ સે.મી. પ્યુબીક હેર હોવાનું તેમજ હાયમન તુટેલ હતું અને કોઈ બ્લીડીંગ કે અન્ય કોઈ પ્રકારનો સ્ત્રાવ જોવા મળેલ નહી કે કોઈ સોજો જોવા મળેલ નહી. આંક–૪૨ ના બીજા પાનાની યુપીટી અંગેની તપાસ તેઓએ કરેલી અને તે રીપોર્ટ નેગેટીવ આવેલ તે અંગેનો રીપોર્ટ છે અને તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં ભોગ–બનનારની તપાસ કરતી વખતે તેણીના શરીરના ચીન્હની તપાસ કરી આંક–૪૪ માં નોંધ કરેલી. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરતા એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ–બનનારના પ્રાઈવેટ પાર્ટ ઉપર જબરજસ્તીથી સંભોગ કરેલાના કોઈ નીશાનો જોવામાં આવેલ નહી, ભોગ–બનનારની હીસ્ટ્રી તેઓએ લીધેલ નથી. આમ, સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેમની સમગ્ર તપાસના અંતે ભોગ–બનનારની ગાયનેક તપાસ કરતા તેમાં કોઈ અસામાન્ય સંજોગો જણાય આવેલ નહી તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે, જેથી ભોગ–બનનાર સાથે કોઈ બળજબરીપુર્વક સંભોગ થયેલ હોય તેવી કોઈ હકીકત સદર સાહેદના પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૭) સદર કામે ફરીયાદપક્ષે પોલીસ સાહેદ ચંદ્રપ્રકાશ ઉદારામભાઈ પરેવાની આંક–૧૦૫ થી જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તા.૧૩/૧૧/૨૪ ના રોજ તેઓ વંથલી પોલીસ સ્ટેશનના ચાર્જમાં હતાં ત્યારે આ કામના ફરીયાદીએ ફરીયાદ હકીકત જાહેર કરતા ફરીયાદીના લખાવ્યા મુજબ લખી લીધેલ અને પી.એસ.ઓ.ને ગુનો દાખલ કરવા યાદી કરેલી, ગુનો દાખલ થયા બાદ આગળની તપાસ તેમણે સંભાળેલ, તપાસના કામે અપહરણ થયેલ બાળાનું વિગતવારનું ફોર્મ ભરી તપાસમાં રહેવા યાદી કરેલ, ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ, સાહેદોના નીવેદનો લીધેલ, ફરીયાદીએ જણાવેલ શંકાસ્પદ ચાર મોબાઈલ નંબરના

સીડીઆર મંગાવવા યાદીઓ કેરલી, ફરીયાદીનું વિશેષ નીવેદન લીધેલ, બાદ વંથલી પી.એસ.આઇ.શ્રી હાજર થતા આગળની તપાસ તેઓને સોંપી આપેલી. સદર સાહેદે તેની જુબાની દરમ્યાન આ કામના ફરીયાદીએ તેની આંક–૧૮ વાળી ફરીયાદમાં તથા વિશેષ નીવેદનમાં જે હકીકતો લખાવેલી તે હકીકત સદર સાહેદે તેની જુબાની દરમ્યાન જણાવેલ છે. સદર સાહેદની જુબાની દરમ્યાન તેઓએ તેમની તપાસ દરમ્યાન કરેલ યાદીઓ આંક–૫૭, ૫૮ તથા આંક–૫૯ રીફર થયેલ છે તેમજ આંક–૬૦ વાળું સર્ટીફીકેટ તૈયાર રેલ તથા આંક–૪૬ વાળું પંચનામુ પંચોની હાજરીમાં તૈયાર કરેલ તથા આંક–૬૧ વાળું સીડીઆર ફોર્મ મેળવી કામમાં સામેલ રાખેલ તથા સાહેદોના નીવેદનો લીધેલ છે. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં સ્વીકાર કરેલ છે કે, ભોગ–બનનાર સાથે જે જગ્યાએ બનાવ બનેલ તે જગ્યાનું પંચનામુ તેઓએ કરેલ નથી, તે જગ્યાની આજુબાજુ વાળાના કોઇના નીવેદન લીધેલ હોય તેવું બનેલ નથી. તેઓએ ભોગ–બનનારની ઉંમર અંગે કોઇ ખરાઇ કરેલ નથી વિગેરે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. આમ, સદર સાહેદે તેની જુબાની દરમ્યાન તેઓએ કરેલ તપાસની કામગીરી સબંધેનો પુરાવો આપેલ છે.

(૧૮) વધુમાં સદર કામે ફરીયાદપક્ષે પોલીસ સાહેદ વીરલબેન જસાભાઇ વાઢેરની આંક–૯૪ થી જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તા.૧૩/૧૧/૨૩ ના રોજ વંથલી પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ઇ/ચા. પી.આઇ. સી.યુ. પરેવાએ ફરીયાદીની લીધેલ ફરીયાદ ગુનો રજીસ્ટર થવા મોકલવતા તેઓએ ગુનો રજીસ્ટર કરેલો અને સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલી અને આગળની તપાસ પરેવા સાહેબને સોંપી આપેલી. સદર ગુનાના કામે તેઓએ મુદ્દામાલ કબ્જે કર્યાનુ પંચનામુ કરેલુ. સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરેલ છે તેમાં સ્વીકાર કરેલ છે કે, તેમના રુબરુ કોઇ ફરીયાદ લેવામાં આવેલ નથી. તેઓએ ફકત ફરીયાદ રજીસ્ટરે લીધેલ છે, તેઓએ આ કામે કોઇ તપાસ કરેલ નથી. આમ, સદર સાહેદે ફરીયાદીની ફરીયાદ રજીસ્ટર થવા આવતા ગુનો દાખલ કરેલો અને આગળની તપાસ થવા માટે યાદી કરેલી છે તે સીવાય વિશેષ કોઇ કામગીરી કરેલ નથી.

**(૧૯)** વધુમાં સદર કામે ફરીયાદપક્ષે પોલીસ સાહેદ રસીલાબેન લખમણભાઈ મજીઠીયાની આંક–પ૩ થી જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં આ કામના ભોગ–બનનારે સદર સાહેદની હાજરીમાં પી.એસ.આઈ. વાય.બી.રાણા સમક્ષ નીવેદન આપેલ અને તે નીવેદન ભોગ–બનનારને વાંચી સંભળાવેલ અને તેમાં ભોગ–બનનારની તથા સદર સાહેદની સહી તથા રૂબરૂ તરીકે વાય.બી.રાણાએ સહી કરેલી તેટલી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે.

**(૨૦)** સદર કામે ફરીયાદપક્ષે પોલીસ સાહેદ દિલીપકુમાર રતનશી પારઘીની આંક–૯૬ થી જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાની દરમ્યાન સદર ગુનાના કામે કરેલ કામગીરી સબંધેનો પુરાવો આપેલ છે અને તેમની જુબાની દરમ્યાન તેઓએ કરેલ કામગીરી અંગેના દસ્તાવેજી પુરાવા રીફર કરેલાં છે. સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં સ્વીકાર કરેલ છે કે, બનાવ સ્થળની આજુબાજુ વાળાના નીવેદન લીધેલ હોય તેવું બનેલ નથી. કોઈ સક્ષમ અધિકારી પાસેથી જન્મનું પ્રમાણપત્ર લીધેલ હોય તેવું બનેલ નથી. આ સીવાય બચાવપક્ષે ડીનાઈલ સ્વરૂપની ઉલટતપાસ થયેલ છે.

**(૨૧)** સદર કામે ફરીયાદપક્ષે પોલીસ સાહેદ યશપાલસિંહ ભરતસિંહ રાણાની આંક–૧૦૧ થી જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાની દરમ્યાન ગુનાના કામે કરેલ તપાસની કામગીરી સબંધેનો પુરાવો આપેલ છે અને તપાસને અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા ચાર્જશીટ કરેલું. સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ થયેલ છે તેમાં સ્વીકાર કરેલ છે કે, કહેવાતા બનાવ સ્થળે ગયેલ હોય કે કોઈ પંચનામા કરેલ હોય કે કોઈ આજુબાજુના લોકોના નીવેદન લીધેલ હોય તેવું બનેલ નથી. આમ, સદર સાહેદના પુરાવાથી તેઓએ સદર ગુનાની તપાસ કરેલ છે પરંતુ બનાવ સ્થળની આજુબાજુના કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન તપાસના કામે લીધેલ નથી તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે.

**(૨૨)** ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપીએ ગઇ તા.૧૩/૧૧/૨૦૨૪ ના કલાક ૧૩.૦૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ઉ.વ. ૧૭ વર્ષ, ૩–માસ જન્મ તા.૦૫/૦૭/૨૦૦૭ વાળીને ફરીયાદીની સંમતિ કે જાણ વીના ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી વંથલી તાલુકાના ટીકર ગામે ફરીયાદીના ઘરેથી ભોગ–બનનારને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી, ફોસલાવી બદકામ કરવાના ઈરાદે પોતાના હવાલાની મોટર સાયકલ જેના રજી. નં. જીજે–૧૧–સીબી–૪૧૯૪ વાળીમાં બેસાડી ભગાડી, અપહરણ કરી રાજકોટ ખાતે પોતાના રહેણાંક સ્થળે લઈ જઈ, પોતાની સાથે રાખી, આ કામના આરોપી ભોગ–બનનાર સગીરવયની હોવાનું જાણતા હોવા છતા તેણીની સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરી ગુનો કરેલ હોવાનો આક્ષેપ મુકવામાં આવેલ છે અને સદર કામે મુળ ફરીયાદી તથા ભોગ–બનનાર સાહેદનો પુરાવો તથા તપાસ કરનાર અમલદારના પુરાવાથી ભોગ–બનનારને આ કામના આરોપી ફરીયાદીના વાલીપણામાંથી લગ્ન કરવાની લાલચ આપી ભગાડી લઈ ગયેલ હોવાની હકીકત અને આ કામના આરોપી ભોગ–બનનાર સગીર વયની ઉંમરની હોવાનું જાણતા હોવા છતા ભોગ–બનનાર સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર સંભોગ કરેલ હોય તેવી કોઈ હકીકત રજુ થયેલ મૌખિક પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ નથી અને આવી કોઈ હકીકતને ખુદ ભોગ–બનનારના પુરાવાથી પણ સમર્થન મળતુ નથી. ભોગ–બનનારે કોર્ટ સમક્ષ જે પુરાવો આપેલ છે તે વિશ્વશનીય જણાય આવતો નથી, તેણીએ તેની સરતપાસમાં બનાવ બનેલાની જે હકીકત જણાવેલ છે તે હકીકતોનું બચાવપક્ષની ઉલટતપાસમાં ખંડન કરેલ છે અને તે રીતે ભોગ–બનનારના પુરાવામાં એકસુત્રતા જળવાતી નથી. વધુમાં ભોગ–બનનારે ડોકટર સમક્ષની હીસ્ટ્રીમાં જે હકીકત જણાવેલ છે તે હકીકતને પણ બચાવપક્ષની ઉલટતપાસમાં ખંડન કરેલ છે અને ડોકટરના પુરાવાથી પણ ભોગ–બનનાર સાથે કોઈ ફોર્સફુલી સંબંધ બાંધેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી અને સદર હકીકતને ખુદ ભોગ–બનનારે તેની જુબાનીથી સમર્થન કરેલ નથી. વધુમાં ભોગ–બનનારે મેજીસ્ટ્રેટ રૂબરૂના બી.એન.એસ.એસ.ની

કલમ–૧૮૩ મુજબના નીવેદનમાં જે હકીકતો જણાવેલી છે તે હકીકત તેના પિતાજીના દબાણના કારણે તેના પિતાએ કહેલ તે તેણીએ લખાવેલ હતું તેમ જણાવેલ છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કોઈ તત્વો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય અને આરોપી સામે ફરમાવેલ તહોમતનામુ શંકારીહત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય આરોપીને દોષિત ઠરાવી શકાય તેમ નથી. જેથી મુદ્દા નં. ૨ નો નિર્ણય નકારમાં આપી, મુદ્દા નં. ૩ અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>–:: આ ખ રી હુ ક મ ::–</u>

(૧) આ કામના આરોપી **મયુર ઉર્ફે મયલો સ/ઓ. જીવાભાઈ ભુરાભાઈ બારીયા,** રહે. બાંટવા, તા.માણાવદર, હાલ–નવાગામ, જી.રાજકોટ નાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૧) અન્વયે બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)એમ તથા પોકસો એકટ કલમ–૬, ૮, ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરતા પુરાવાને અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ વાહન સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ જેના રજી. નં. જીજે–૧૧–સીબી–૪૧૯૪ અંગે અગાઉ થયેલ વચગાળાનો હુકમ આથી કાયમ રાખવામાં આવે છે. જયારે બાકીના મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ ની જોગવાઈ મુજબ નામ. હાઈકોર્ટ સમક્ષ આ ચુકાદા વિરુધ્ધ કોઈ અપીલ, રીવીઝન કે અન્ય કોઈ પ્રોસડીંગ થાય તો તેમાં હાજર રહેવા માટે તહોમતદારે રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચીસ હજાર પુરાં) ના જાત મુચરકા અને તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા. આ જામીન રજુ થયેથી કેસ દરમ્યાન આ તહોમતદારના લેવાયેલા જામીન રદ થયેલાં ગણાશે.

(૪) બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ અન્વયે લેવાયેલા તહોમતદારના જામીનની સમય મર્યાદા છ માસ સુધીની રહેશે.

હુકમ આજ તા.૨૩ મી, માહે–માર્ચ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહરે કરવામાં આવ્યો.

વંથલી.
તા.૨૩/૦૩/૨૦૨૬.

**(સલીમભાઇ બાબુલાલ મનસુરી)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
વંથલી.
**Code No. GJ00698**